## @ગાંધીનગર

● સે-૬-એ ખાતે અંબિકા સેવા ટ્રસ્ટ દ્વારા આયોજિત ૧૬મા પાટોત્સવમાં સવારે ૮ કલાકે સ્થાપિત દેવોની પૂજા, સવારે ૧૦ કલાકે મૂર્તિઓનો મહાઅભિષેક, બપોરે ૧૨.૩૦ કલાકે ઈષ્ટદેવોની પ્રાણ પ્રતિષ્ઠા તથા સાંજના ૫ કલાકે શ્રીફળ હોમ, ૬.૩૦ કલાકે આરતી સહિતના કાર્યક્રમો યોજાશે.

● ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરપદે પ્રવિણભાઈ પટેલ સવારે ૧૦.૧૫ કલાકે ચાર્જ સંભાળશે.

● કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ દ્વારા મહારાણા પ્રતાપની ૪૭૬મી જન્મ જયંતિ તેમજ સમાજના આમૂલ પરિવર્તન દિવસની ઉજવણી નિમિત્તે સવારે ૭.૩૦ કલાકે સેકટર-૧૭ શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ કાર્યાલય ખાતેથી શોભાયાત્રાનું પ્રસ્થાન શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા કરાવવામાં આવશે.

### સે-૨ સ્વામિનારાયણ મંદિરમાં અખાત્રીજે ભગવાનને ચંદનના વાઘા

ગાંધીનગર, તા.૮

અખાત્રીજના પવિત્ર દિવસે સેકટર-૨ સ્થિત શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે તા. ૯મી મેના રોજ ભગવાનને ચંદનના વાઘા ધારણ કરાવવામાં આવશે. શ્રી નરનારાયણ દેવ, શ્રી રાધાકૃષ્ણ દેવ અને ઘનશ્યામ મહારાજને ચંદનના વાઘા ધારણ કરાશે. ચંદનના વાઘા સંતો અને હરિભકતો દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે. દર્શનનો લાભ સારે ૮.૦૦ થી ૧૨.૦૦ તથા સાંજે ૪.૦૦ થી ૭.૩૦ કલાક દરમિયાન લઈ શકાશે. ગાંધીનગર શહેરના હરિભકતોને તથા ધર્મપ્રેમીજનોને અલભ્ય દર્શનનો લાભ લેવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

### અપહરણના ગુનામાં ચાર વર્ષથી વોન્ટેડ આરોપી આખરે ઝડપાયો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર એસઓજી પી.આઈ. પરાગ ચૌહાણની સુચનાથી તેમની ટીમના પીએસઆઈ એમ.પી. ચૌહાણ તથા તેમના માણસોએ ચોકકસ બાતમી મેળવીને કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ચાર વર્ષથી વોન્ટેડ આરોપીને પકડી પાડયો છે. કલોલના તેરસા પરા ચોકડી પાસેથી જામનગરપુરાનો જયંતિ અંબાલાલ પટેલ પકડાઈ ગયો હતો તે ચાર વર્ષથી આઈપીસી કલમ ૩૬૩, ૩૬૬ અને ૧૧૪ મુજબના ગુનામાં નાસતો ફરતો હતો તેની ધરપકડ કરીને કલોલ તાલુકા પોલીસને સોંપવામાં આવ્યો છે.

# શહેરમાં રાજયકક્ષાની ફુટબોલ મેચ

## બુધવારથી દરરોજ સાંજે ૪.૩૦ કલાકે ચ-૩ પાસેના ગ્રાઉન્ડમાં ડે-નાઈટ ટુર્નામેન્ટ રમાશે : આંતરરાષ્ટ્રીય સ્તરે રમેલા ખેલાડીઓ આવશે : અકસ્માતમાં માર્યા ગયેલા શહેરના યુવા ફુટબોલર વોસ્ટન ક્રિશ્ચિયનની યાદમાં મેમોરિયલ કપનું આયોજન

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરમાં સૌ પ્રથમવાર રાજયકક્ષાની ડે-નાઈટ ફુટબોલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરના રાષ્ટ્રીય કક્ષાનો યુવા ફુટબોલર સ્વ.વોસ્ટન ક્રિશ્ચિયનની યાદમાં કાયઝન ટ્રસ્ટ દ્વારા તા. ૧૧મી મે થી તા. ૧૫મી મે દરમિયાન ચ-૩ સર્કલ નજીકના લાયન્સ ગરબા ગ્રાઉન્ડ ખાતે આ ટૂર્નામેન્ટ યોજવામાં આવી છે. આ ટૂર્નામેન્ટમાં ગુજરાત સ્ટેટ ફુટબોલ એસોસિએશન સાથે સંલગ્ન ખ્યાતનામ ૧૬ ટીમો ભાગ લેશે અને આંતરરાષ્ટ્રીય ફુટબોલ સંસ્થા 'ફીફા'ના રેફરી ગુલાબસિંહ ચૌહાણ ટુર્નામેન્ટ રેફરી તરીકે સેવાઓ આપશે. આ ટૂર્નામેન્ટના આયોજનથી શહેરના ફુટબોલ પ્રેમીઓમાં આનંદનું મોજું છવાઈ ગયું છે.

શહેરના ફુટબોલ લવર્સ ખેલાડીઓ દ્વારા તેમના સાથી ફુટબોલર ૩૦ વર્ષીય વોસ્ટન ક્રિશ્ચિયનના તા. ૨૬મી જાન્યુઆરીએ થયેલા માર્ગ અકસ્માતમાં આકસ્મિક નિધન બાદ તેની યાદમાં ગાંધીનગરમાં ફુટબોલ કપ રમાડવાનું આયોજન કરવા વિચારાયું હતું. કાયઝન ફોર એજયુકેશન ટ્રસ્ટના નેજા હેઠળ આ સ્મૃતિ ટૂર્નામેન્ટનું તેમનું સ્વપ્ન હવે સાકાર થઈ જવા જઈ રહ્યું છે. આ ટૂર્નામેન્ટને ગુજરાત સ્ટેટ ફુટબોલ એસોસિએશન દ્વારા એફિલિશન પણ પ્રાપ્ત થયું છે અને જીએસએફએની એફિલેટેડ ૧૬ ટીમો આ ટૂર્નામેન્ટમાં ભાગ લઈ રહી છે. તા. ૧૧મી મેથી સતત પાંચ દિવસ માટે દરરોજ સાંજે ૪.૩૦ વાગ્યાથી આ ટૂર્નામેન્ટની મેચનો પ્રારંભ થશે અને ટૂર્નામેન્ટમાં કુલ ૧૫ મેચો રમાશે જે તમામ નોકઆઉટ ગેમ્સ હશે. સંપૂર્ણ પણે આંતરરાષ્ટ્રીય નિયમો અનુસાર




દરેક મેચ ૪૫ મિનિટની રમાડવામાં આવશે. આ ટૂર્નામેન્ટમાં ગાંધીનગર ઉપરાંત અમદાવાદ, વડોદરા, રાજકોટ, મહેસાણા, જામનગર, ભાવનગર સહિત રાજયભરમાંથી ટીમો રમવા આવશે. જેમાં આંતરરાષ્ટ્રીય સ્તરે રમતા ખેલાડીઓને ગાંધીનગરમાં રમતા જોવાનો લ્હાવો પ્રાપ્ત થશે. આ ટીમોમાં ડિફેન્સ, પોલીસ, રેલવે, આરબીઆઈ, ઈન્કમટેક્ષ, ગોધરા એફસી, વીસીસી, ભાવસિંહજી કલબ વગેરેનો સમાવેશ થાય છે.

આ ટૂર્નામેન્ટમાં અમદાવાદ સીટી પોલીસ ટીમમાંથી રમતા રાજયના ખ્યાતનામ ફુટબોલર અને ઈન્ડિયન સુપરલીગના રેફરી વિષ્ણુ ચૌહાણ પણ આવશે જેઓ આ ટૂર્નામેન્ટની ટેકનિકલ ટીમના સભ્ય તરીકે સેવા આપશે. આ ઉપરાંત ટેકનિકલ ટીમમાં અર્પિત ક્રિશ્ચિયન, જતિન ભાવસાર, ચંદ્રશેખર સોલંકી પણ રહેશે. ટૂર્નામેન્ટમાં વિજેતા ટીમને રૂ. ૨૧ હજાર અને રનર્સ અપને રૂ. ૧૧ હજારનું રોકડ ઈનામ તથા ટ્રોફી અને મેન ઓફ ધ સિરિઝ તથા દરેક મેચના મેન ઓફ ધ મેચને ટ્રોફી આપવામાં આવનાર છે. ટૂર્નામેન્ટના આયોજક કાયઝન ટ્રસ્ટના ટ્રસ્ટી અર્પિત ક્રિશ્ચિયને જણાવ્યું છે કે આ ટૂર્નામેન્ટથી ગાંધીનગરમાં ફુટબોલ પ્રત્યે ક્રેઝ વધશે જેનાથી બાળકોની ફીટનેસ પણ વધશે. અમારે બાળકોને ટીવી સામેથી ઉભા કરી ગ્રાઉન્ડમાં લાવવા છે.

## બીબીએનાં ૧૫૦ વિદ્યાર્થીઓ માટે પાંચ કંપનીઓ દ્વારા પ્રિ ઈન્ટેન્શીપ ટ્રેનિંગ તથા પ્લેસમેન્ટ

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત બી.પી કોલેજ ઓફ બિજનેસ એડમિનિસ્ટ્રેશન બીબીએ દ્વારા વિદ્યાથીઓ માટે પ્રિ સમર ઈન્ટર્નશીપ ટ્રેનિંગનું આયોજન થયુ. બીબીએ કૉલેજ દ્વારા આ કંપનીઓનાં મેનેજમેન્ટ એકઝુકેટીવને વિદ્યાર્થીઓને કોર્પોરેટ તાલીમ આપવા માટે આમંત્રિત કર્યા હતા. આ ઈન્ટનન્શીપ ડ્રાઈવને સફળ બનાવવા ડૉ. જયેશ જે. તન્ના દ્વારા મનપુરમ્મ ફાઈનાન્સ લિમિટેડ, ઈન્ફો એન્જીન તેમજ ફાઈનલ ડેસ્ટિનેશન પ્રાઈવેટ લિમિટેડનાં મેનેજમેન્ટ એક્ઝિકયુટીવને આવકાર્યા હતા તેમજ પ્રી-ઈન્ટેરન્શીપ ટ્રેનિંગ માટે વિદ્યાર્થીઓ સમક્ષ પરિચય આપ્યો હતો. અગાઉ પણ કૉલેજ દ્વારા અલગ અલગ



કંપનીઓનાં મેનેજમેન્ટ એકિજકયૂટીવને વિદ્યાર્થીઓને કોર્પોરેટ તાલીમ આપવા માટે આમંત્રિત કર્યા હતા. જેમા વિદ્યાર્થીઓને ઇંડક્ષન પ્રોસેસ સમજાવવામાં આવી હતી. હાલમાં તૃતીય વર્ષમાં આવનાર વિદ્યાથીઓ ૩-૫-૨૦૧૬ના તેઓની પરીક્ષા પૂર્ણ થયા બાદ તેઓની ૪-૫-૨૦૧૬થી વેકેશન દરમિયાન સમર ઈન્ટેન્શીપ શરૂ થઈ જશે.

બીબીએનાં વિદ્યાથીઓને ટ્રેનિંગ દરમ્યાન કંપનીની પ્રાથમિક માહિતી આપવામાં આવી તેમજ કંપનીમાં ચાલતી વિવિધ વ્યાવસાયિક પ્રવૃતિઓની તલસ્પશી માહિતી આપવામાં આવી હતી. તેમજ વિદ્યાર્થીઓને માર્કેટીંગ ફાઈનાન્સ તેમજ એચ -આર ત્રણ ક્ષેત્રમાં ઈન્ટેન્શીપ કરવા માટેની તક પુરી પાડી હતી. મનપુરમ્મ ગોલ્ડ તરફથી સંધ્યા કુલકણી મુંબઈથી ગાંધીનગર ટ્રેનિંગ આપવા માટે આવ્યા હતા. જેમણે વિદ્યાથીઓને કંપની બાબતે માર્ગદર્શન આપ્યુ હતુ. તેમજ મનપ્પુરમ દ્વારા ઓન લાઈન ગોલ્ડ લોન બાબતે યોજના શરૂ થયી છે તેની માહિતિ વિદ્યાથીઓને આપી હતી. અમિતભાઈ દવે દ્વારા વિદ્યાર્થીઓને કૉર્પોરેટ ક્ષેત્રે સફળ થવા મેનેજમેન્ટ ટીપ્સ આપવામાં આવી હતી. તેમજ ગુરુ મંત્ર કહી શકાય તેવી અનેક બાબતો પ્રેઝેન્ટેશન દ્વારા સમજાવવા માં આવી હતી.વિદ્યાર્થીઓને તેમનુ આઈ-ક્યૂ લેવેલ ચેક કરવા કેટલીક મેનેજમેન્ટ ગેમ રમાડવામાં આવી હતી તથા કેટલાક પ્રેક્ટિકલ ટાસ્ક આપવામાં આવ્યા હતા. ફાઈનલ ડેસ્ટિનેશન તરફથી કંપનીનાં જોઈન્ટ ડાઈરેકટર અભિષેક ભટ્ટ કે જેવો બીબીએનાં ભૂતપૂર્વ વિદ્યાર્થી રહી ચુકયા છે તેમને બીબીએનાં વિદ્યાર્થીઓને ફાઈનલ ડેસ્ટિનેશનમાં ઈન્ટેરન્શીપ શરૂ કરતા પહેલા વિદ્યાર્થીઓ આ ઈન્ટેરન્શીપ દરમ્યાન કેવા પ્રકારનું કાર્ય કરશે અને કેવા મેનેજમેન્ટનાં સીદ્ધાંતોનું જીવંત જ્ઞાન મેળવશે તેનાથી વાકેફ કર્યા. ઈન્ફો ઍંજિન કંપનીમાંથી કંપનીનાં પ્રતિનિધિ બીના ક્રિશ્ચિયન તથા સેમ્યુઅલ ક્રિશ્ચિયન દ્વારા વિદ્યાર્થીઓને કંપની વિષે તેમજ તેમણે કરવાનાં કાર્ય વિષેની માહિતિ આપવામાં આવી હતી. આજની ટ્રેનિંગમાં મનપુરમ્મ, ઈન્ફો ઍંજીન, ફાઈનલ ડેસ્ટિનેશન, કૅપિટલ ફર્સ્ટ તેમજ મૅક્સ લાઈફ જેવી કંપનીઓ આવી હતી. જેમા ૮,૦૦૦ થી ૧૪,૦૦૦ સુધીની ઑફર વિદ્યાથીઓને કરવામાં આવી હતી જેથી વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી. વિદ્યાથીઓને આ એક દિવસીય તાલીમથી ખૂબ શીખવા મળ્યુ હતુ.

કૉલેજ તરફથી સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના આચાર્ય ડૉ. રમાકાન્ત પ્રસ્ટીનાં માર્ગદર્શન હેઠળ ટ્રેનિંગ અને પ્લેસમેન્ટના હેડ ડૉ. જયેશ જે. તન્ના, તેમજ પ્રો. આશિષ ભુવા, પ્રો. માગી દેસાઈ દ્વારા ખૂબ જહેમત ઉઠાવી હતી.

## વાતવાતમાં

● સેકટર-૧૭માં લાયબ્રેરીમાં ફરી એકવાર સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા ઉમેદવારોનો જમાવડો થવા લાગ્યો છે. આ ઉમેદવારોને આકર્ષવા શહેરની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે કોચિંગ આપતી સંસ્થાએ લાયબ્રેરી સામેના પાર્કિંગ લોટની ફેન્સિંગ પર જાહેરાતના બેનર્સની હારમાળા લગાડી દીધી છે.

● ઘ-૩ પથિકાશ્રમ સર્કલે લગાડાયેલા એલઈડી સ્ક્રીન્સમાં દરરોજ કંઈ ને કંઈ ટેકનિકલ ખામી સર્જાઈ રહી છે. આ ખામીના કારણે દરરોજ ઘોડી લઈને રિપેરીંગ કરતા કર્મચારીઓ વાહનચાલકોને નજરે ચઢી રહ્યા છે.

● ચિલોડા સર્કલે મોડી રાત્રિ સુધી પરપ્રાંતિય મુસાફરોનો વતનમાં જવા માટે લકઝરી બસ પકડવા જમાવડો જોવા મળી રહ્યો છે. હાલ રાજસ્થાનમાં લગ્નોની મૌસમ તથા વેકેશનની રાજઓ હોવાથી આ મુસાફરોએ એડવાન્સ બુકિંગ ના કરાવ્યુ હોવાથી મોટી સંખ્યામાં અહીંથી બસ પકડતા જોવા મળે છે.

● ઈન્દ્રોડા ગામની ૧૫ વર્ષીય કિશોરી જે કલોલ ખાતે પોતાના મામાના ઘરે અભ્યાસ કરતી હતી તે વેકેશનમાં ઘરે આવી હતી. આ કિશોરીનું આજે બપોરે અજાણ્યા યુવાને અપહરણ કર્યાની ફરિયાદ નોંધાતા ઈન્ફોસીટી પોલીસે તપાસ હાથ ધરી છે.

● સોમવારે સવારે ગાંધીનગરના નવનિયુકત મેયર તેમના કાર્યાલયે પદભાર સંભાળવાના છે. આ સમયે કોઈ અનિચ્છનીય બનાવ ના બને અથવા વિપક્ષ દ્વારા કોઈ વિરોધ કાર્યક્રમ ના યોજાય તે માટે પોલીસે તકેદારીના પગલા લેવા તૈયારીઓ કરી લીધી છે.

### રાંધેજાની આંગણવાડીના ઓટલેથી બિનવારસી મહિલાનો મૃતદેહ મળ્યો : ગરમી કે બિમારીથી મૃત્યુ થયુ હોવાની આશંકા

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર પાસે આવેલા રાંધેજા ગામની આંગણવાડીના ઓટલા પરથી આજે આશરે ૩૦ થી ૩૫ વર્ષની બિનવારસી મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતદેહ અંગે સરપંચને જાણ થતા પેથાપુર પોલીસને બોલાવવામાં આવી હતી. પોલીસે તપાસ કરતાં ભીખારી મહિલા હોવાનું ધ્યાને આવ્યું છે. ગરમીથી કે બિમારીથી તેણીનું મૃત્યુ થયું હોવાની આશંકાને પગલે અકસ્માત મોતનો ગુનો દાખલ કર્યા બાદ મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી મૃત્યુનું કારણ બહાર લાવવા તજવીજ આરંભી છે.

# શહેરના પીકનીક સ્થળો પ્રવાસીઓથી ઉભરાયા

## અક્ષરધામ, સેકટર-૨૮નું ગાર્ડન સહિતના હરવા ફરવાના સ્થળોએ જામતી ભારે ભીડ : વેકેશનની દેખાતી અસર

ગાંધીનગર, તા.૮

વેકેશનનો માહોલ પૂર્ણ પણે જામ્યો છે શહેરના હરવા ફરવાના સ્થળો અને બગીચાઓમાં હૈયે હૈયુ દળાય તેટલી ભીડ જામે છે. શનિ રવિ દરમિયાન પ્રવાસીઓની સંખ્યા વધતા ગાંધીનગરની રોનક એકદમ બદલાઈ જાય છે.

શાળાઓમાં ઉનાળુ વેકેશન ચાલી રહ્યું છે. બાળકો રજાઓનો આનંદ માણી રહ્યા છે. ગાંધીનગરના ઘણા પરિવારો બહારગામ હરવા ફરવા ઉપડી ગયા છે તેવી જ રીતે બહારગામના ઘણા પરિવારો હરવા ફરવા અને વેકેશનને માણવા ગાંધીનગરમાં આવ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોમાં શહેરના હરવા ફરવાના સ્થળોનો સારો વિકાસ થયો છે. નવા નવા આકર્ષણો શહેરની શોભા વધારી રહ્યા છે. વેકેશનના સમયગાળામાં આ સ્થળોનું આકર્ષણ વધ્યુ છે. ઘ-૪ સર્કલ નજીક વિકસાવાયેલા સ્વર્ણિમ પાર્કની રોનક સાંજ પડતા જ નીખરી ઉઠે છે. વેકેશન અને ગરમીના કારણે અહીં તો જાણે લોકોનો મેળો જામે છે. વિધાનસભાથી શરૂ કરીને છેક મહાત્મા મંદિર સુધીના બે અઢી કિલોમીટરના વિસ્તારમાં ફેલાયેલા આ સ્વર્ણિમ પાર્કની કોઈ જગ્યા ખાલી હોય તેવું બનતું નથી.

### પ્રવાસીઓ વધતા ખાણીપીણીના ઉદ્યોગમાં તેજી

ગાંધીનગર, તા.૮

ઉનાળુ વેકેશનના કારણે ગાંધીનગરમાં બહારગામથી આવતા પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો છે. જેની સીધી અસર હોટલ-રેસ્ટોરન્ટ ઉદ્યોગ પર થઈ છે. શહેરમાં આવેલા ખાણીપીણીના જોઈન્ટસ પર ગ્રાહકોની સંખ્યા વધતી જોવા મળી છે. ઘણી નામાંકિત હોટલો-રેસ્ટોરન્ટની બહાર કતાર લાગેલી જોવા મળે છે. શનિ-રવિ દરમિયાન લાંબા વેઈટીંગ લીસ્ટ બાદ જમવાનો વારો આવે છે. શહેરના ઘ-૫ વિસ્તારમાં આવેલા ફૂડ પ્લાઝાની લગભગ તમામ દુકાનો પર સારી એવી ઘરાકી રહે છે. ઈન્ફોસીટી વિસ્તારમાં આવેલી રેસ્ટોરન્ટ અને હોટલોમાં ગ્રાહકોની અવરજવર વધતા શહેરના ખાણી પાણી ઉદ્યોગમાં તેજી આવી છે.




આસપાસ ઉભી રહેતી બરફગોળાની લારીઓ અને સોડાની લારીઓ પર પણ મોડી રાત સુધી ખુબ ભીડ જોવા મળે છે.

તેવી જ રીતે શહેરના જુના અને જાણીતા હરવા ફરવાના સ્થળ એવા સેકટર-૨૮ના બગીચામાં પ્રવાસીઓની અવરજવર સતત ચાલુ રહે છે. શનિ રવિની રજાઓ દરમિયાન તો અમદાવાદ ઉપરાંત આસપાસના સ્થળોના પ્રવાસીઓ પીકનીક મનાવવા અહીં આવી પહોંચે છે. આ બગીચામાં સ્થાનિક મુલાકાતીઓ કરતા બહારગામના પ્રવાસીઓની સંખ્યા વધુ રહે છે. અક્ષરધામમાં આમ તો આખું વર્ષ પ્રવાસીઓની અવરજવર રહે છે. પરંતુ ઉનાળુ વેકેશન પડતા જ અહીં આવતા મુલાકાતીઓની સંખ્યામાં ખુબ વધારો થયો છે. સાંજે યોજાતા લાઈટ એન્ડ સાઉન્ડ શૉ હાઉસફુલ જ રહે છે. આ સ્થળો ઉપરાંત પ્રકૃતિ ઉદ્યાન અને સરિતા ઉદ્યાનમાં પણ સવારથી જ મુલાકાતીઓની અવરજવર રહે છે ગરમી હોવા છતાં મુલાકાતીઓ વેકેશનનો લાભ લેવાનું ચુકતા નથી.

# સ્પોર્ટસના યુગમાં જ ખોવાયા રમતના મેદાન

## આપણે ત્યાં 'સ્પોર્ટસ કલ્ચર' નથીની ફરિયાદો કરતા આપણે જ સોસાયટીમાં કિશોરો માટે રમતના મેદાન બનાવતા નથી કોમન પ્લોટમાં વાહનના ખડકલા કરી પાર્કિંગ લોટ બનાવી દઈએ પણ ત્યાં બાળકોને રમવા ના દઈ શકીએ



લાગ્યું એવું લખ્યું

સમીર રામી

ગાંધીનગર, તા.૮

વેકેશનનો સમય છે અને કેટલાક બાળકો તેમની સોસયટીના કોમન પ્લોટમાં ક્રિકેટ રમી રહ્યા હતા. કોમન પ્લોટની બરાબર સામેના મકાનમાંથી એક મહાશય બહાર આવ્યા અને બાળકોનો બોલ લઈને ચાલતા થયાં. બાળકો તુરંત એકઠા થઈ પેલા મહાશયને 'અંકલ સોરી, ફરી અહીં નહી રમીએ બસ, પ્લીઝ બોલ પાછો આપોને...' જેવી કાકલૂદી કરવા લાગ્યા પરંતુ પેલા મહાશય પર તેની કઈ જ અસર થતી નહોતી. અંતે આ મામલે બાળકોએ તેમના વાલીઓને ફરિયાદ કરતા તેઓ આવી ગયા અને સોસાયટીમાં ચાલુ થઈ ગયું તુ તુ મૈં મૈંનું રોજીંદુ દશ્ય. લગભગ બે કલાક ચાલેલા આ ઝઘડામાં બાળકોને બોલ તો પરત મળી ગયો પરંતુ તેમના રમવાનો સમય પુરો થઈ ગયો હોવાથી તેમનામાં નિરાશા વ્યાપી જવા પામી હતી. આવા દશ્યો તો લગભગ દરેક સોસાયટીમાં ખૂબ જ સામાન્ય બની ગયા છે. કયાંક ઘરના કાચ તુટતા હોવાના બહાને તો કયાંક બાળકોના અવાજથી પરેશાની થતી હોવાથી, કયાંક તો સોસાયટીના કોમન પ્લોટમાં વાહનોના પાર્કિંગનો ખડકલો થયો હોવાથી તો કયાંક ફુલછોડના કુંડા તુટી જતા હોવાથી બાળકોને રમતા અટકાવાય છે. એક તરફ બાળકો આઉટડોર ગેમ્સ રમતા બંધ થઈ ગયા છે અને માત્ર ટીવી, લેપટોપ કે મોબાઈલ પર ગેમ્સ રમી રહ્યા હોવાની ફરિયાદો વ્યકત કરાય છે. ત્યારે બીજી તરફ આપણે જ બાળકોના રમતના મેદાન છીનવતા જઈએ છીએ. અરે ઘણી સોસાયટીઓમાં તો બાળકોએ કઈ રમતો રમવી અને કઈ ના રમવી તેના બોર્ડ સુધ્ધાં લગાડી દેવાય છે.

વિકાસના પવનના સથવારે ચગેલા અર્બનાઈઝેશનના પતંગને કારણે આજે રોજ રોજ નવા હાઈરાઈઝ ફલેટસ, એપાર્ટમેન્ટસ અને રૉ હાઉસિસ કે બંગ્લોઝની સ્કીમો લોન્ચ થતી રહી છે. આ સ્કીમોમાં એમ્નેટીઝના નામે જીમ, ઈન્ડોર ગેમ્સ, ચિલ્ડ્રન પ્લે એરિયા, સ્વીમીંગ પુલ જેવી અનેક સુવિધાઓ ઓફર કરાય છે પરંતુ જયારે આ સોસાયટીમાં વસવાટ ચાલુ થઈ ગયાના થોડાક વર્ષો પછી પરિસ્થિતિ જુઓ તો ખબર પડે કે તેના બાળકો તો તેમના રમવા માટે મેદાન શોધી રહ્યાં છે. કબડ્ડી, પક્કડદાવ, આંબલી પીપળી કે આંધળોપાટો જેવી રમતો બાળકો હવે રમતા નથી તેવી હૈયાવરાળો કાઢવામાં આવે છે પરંતુ એ જ બાળકો ક્રિકેટ, ફુટબોલ, બાસ્કેટબોલ કે વોલીબોલ રમે ત્યારે નાકનું ટેરવું ચઢી જાય તેવું વર્તન સોસાયટીના બની બેઠેલા મોભીઓ દાખવતા હોય છે. સમય સાથે જેને બદલાવું જ નથી તેઓ આજની પેઢીને આળસુમાં ખપાવવા પ્રયત્નો કરતા રહે છે.

હકીકત તો એ છે કે આપણે ત્યાં સ્પોર્ટસની વાતો તો ઘણી થાય છે પરંતુ હજુ સ્પોર્ટસ કલ્ચર આપણે વિકસાવી શકયા નથી. આપણા માટે તો સ્કૂલ ટીમમાં કે કોચિંગ કેમ્પમાં મેળવેલ ટ્રોફી સાથે જો માર્કશીટમાં પર્સન્ટેજ ના જોવા મળે તો એ ટ્રોફી ડ્રોઈંગરૂમના શો કેસમાં મુકવા યોગ્ય પણ જણાતી નથી. વાત માત્ર સોસાયટી કે સ્કૂલની નથી પરંતુ રાજય સરકાર દ્વારા સ્પોર્ટસને પ્રોસાહનના નામે કરાતા કરોડોના આંધણ પછી પણ આંતરરાષ્ટ્રીય સ્તરે જઈ શકીએ તેવા ખેલાડીઓ પેદા ના કરી શકીએ તે પરિસ્થિતિની છે. પંજાબ, હરિયાણા કે બીજા અન્ય રાજયોના ખેલાડી માત્ર નેશનલ લેવલે ચંદ્રક જીતે એટલે સ્પોર્ટસ કવોટા હેઠળ સરકારી નોકરી અને કવાટર્સ મેળવી શકે તેવી નીતિ અમલમાં છે. આપણી રાજય સરકારે માત્ર સ્પર્ધાત્મક પરીક્ષાના ગુણમાં પાંચ માર્કનો ઉમેરો કરી સંતોષ માની લીધો છે. રાષ્ટ્રિય કક્ષા તો ઠીક પરંતુ રાજય લેવલે પણ ખેલાડીઓને અન્ય રાજયોમાં મળતી સુવિધાની સરખામણીમાં આપણે બજેટ ફાળવાવ છતાં સાવ નિમ્ન કક્ષાની સવલતો સાચું કહીએ તો અગવડો જ આપીએ છીએ. જો કે આ પરિસ્થિતિ માટે છે આપણી સોસાયટીથી પ્રારંભ થતી રમત પ્રત્યેની ઉદાસીનતા પણ જવાબદાર છે. જયાં સુધી દરેક સોસાયટીમાં માત્ર નાના ભૂલકાંઓ માટેના હિંચકા-લસપણીના ચિલ્ડ્રન પ્લે ઉપરાંત કિશોરવયના બાળકો માટે રમવાના પૂરતા મેદાનો નહીં રખાય કે બનાવાય ત્યાં સુધી આપણા બાળકને અન્ય દેશના ખેલાડીને હરાવતો ટીવીમાં જોવો એ માત્ર કાલ્પનિક દશ્ય જ બની રહેશે.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

### મોટી આદરજમાં કપડા સુકવવા જતા મહિલાને કરંટ લાગ્યો

#### ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ લઈ જવાઈ : મહિલાનું મૃત્યુ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર નજીક આવેલા મોટી આદરજ ગામમાં આજે સવારના અરસામાં ૨૭ વર્ષીય પરિણીત મહિલા ઘર આંગણે તાર પર કપડા સુકવવા ગઈ ત્યારે અચાનક વિજ કરંટ લાગતા ચોંટી ગઈ હતી. ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેણીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઈ જવાઈ પરંતુ ફરજ પરના તબીબે તેણીને મૃત જાહેર કરી હતી. પેથાપુર પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઘટનાની ઉંડી તપાસ શરૂ કરી છે.

મહિલા જયોત્સનાબેન ધુળાજી ઠાકોર આજે સવારના નવેક વાગ્યાના અરસામાં તાર પર કપડા સુકવવા ગઈ તે દરમિયાન તે તારને વિજ વાયર અડકેલો હોવાથી કરંટ લાગી ગયો હતો જયોત્સનાબેનને ગંભીર હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયા હતા ત્યાં સુધીમાં જયોત્સનાબેનનું પ્રાણ પંખેરૂ ઉડી જવા પામ્યું હતું અને ફરજ પરના તબીબે તેણીને મૃત જાહેર કરી હતી. પેથાપુર પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને જમાદાર લક્ષ્મણભાઈએ તપાસ સંભાળી છે.

### ચિરવિદાય

- સ્વ. લાલજીભાઈ મોહનભાઈ વાળંદ, ઉ.વ. ૭૬
- સ્વ. સંતોકબેન કાન્તીજી ઠાકોર, ઉ.વ. ૭૫
- સ્વ. કૃષ્ણગીરી કેશવગીરી ગોસ્વામી, ઉ.વ. ૫૩
- સ્વ. કાન્તીલાલ બેચરદાસ વાઘેલા, ઉ.વ. ૭૮